**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૮.૩ ડીગ્રી
લઘુતમ : ૨૫.૨ ડીગ્રી
ભેજ
સવારે ૫૫ ટકા ● સાંજે ૩૫ ટકા

# પ્લાસ્ટિકનો ઉપયોગ કરનારાઓ સામે તંત્ર દ્વારા કડક કાર્યવાહી

**૮૧ કોમર્શિયલ એકમો પાસેથી ૨૬,૩૦૦/- અને પ્રતિબંધિત પ્લાસ્ટિકનો વપરાશ કરતા ૪૫ એકમો પાસેથી રૂ.૩૩,૦૦૦/- વહિવટી ચાર્જ તરીકે વસૂલવામાં આવ્યા**

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર માં પ્લાસ્ટિક મુક્ત શહેર અંતર્ગત થોડા મહિના અગાઉ કડક પ્રતિબંધ લાદી દેવાયો હતો.જેમાં શરૂઆત ના દિવસો માં લોકોએ સારો પ્રતિસાદ આપ્યો હતો બાદ માં આ સમગ્ર અભિયાન પર પાણી ફરી વળતા હવે તંત્ર એકાએક જાગી ઊઠ્યું છે અને જ્યાં જ્યાં પ્લાસ્ટિક નો ઉપયોગ થઈ રહ્યો છે ત્યાંથી દંડ વસુલવામાં આવી રહ્યો છે.

ગઈકાલે ગાંધીનગરને સ્વચ્છ અને પ્લાસ્ટિક મુક્ત શહેર બનાવવાનાં મિશન અંતર્ગત ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ગાંધીનગર મહાનગરપાલિકાના કમિશનર જે. એન. વાઘેલાની સૂચનાથી ડે. કમિશનર કેયૂર જેઠવાની આગેવાનીમાં સેનિટેશન શાખા દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિકનો ઉપયોગ કરતા એકમો તેમજ ગંદકી કરતા એકમો જેવા કે લારીગલ્લા, ચાની કિટલી વગેરે સામે સખ્ત કાર્યવાહી કરવામાં આવી હતી. છેલ્લા બે દિવસમાં સેનિટેશન શાખાની ટીમ દ્વારા શહેરમાં ગંદકી કરતા ૮૧ કોમર્શિયલ એકમો પાસેથી રૂ. ૨૬,૩૦૦/- અને પ્રતિબંધિત પ્લાસ્ટિકનો વપરાશ કરતા ૪૫ એકમો પાસેથી રૂ.૩૩,૦૦૦/- વહિવટી ચાર્જ તરીકે વસૂલવામાં આવ્યા છે. આ અંગે કમિશનરશ્રીએ જણાવ્યું હતું કે, "શહેરને સ્વચ્છ અને પ્લાસ્ટિકમુક્ત બનાવવામાં નાગરિકોની સહભાગીતા આવકારદાયક છે. ચાલો, જવાબદાર નાગરિક બનીએ, સિંગલ યુઝ પ્લાસ્ટિકને જાકારો આપીએ. આપણા શહેરને સ્વચ્છ રાખીએ."

તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, આગામી દિવસોમાં પણ આ ડ્રાઈવની કાર્યવાહી ચાલું રાખવામાં આવશે અને ગંદકી કરતા તેમજ પ્રતિબંધિત પ્લાસ્ટિકનો ઉપયોગ કરનારાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

# શનિવારે ઈદ ઉલ ફીત્રની ઉજવણી થશે

**રમઝાન માસના રોઝા-ઉપવાસ પૂર્ણ થવાના આરે : મસ્જીદોમાં રોશની કરવામાં આવી**





ગાંધીનગર, તા. ૨૦

રમઝાન માસ પૂર્ણતાના આરે પહોંચ્યો છે. એક માસના રોઝા-ઉપવાસ અને ઈબાદત બાદ શનિવારે ઈદ ઉલ ફીત્રની ઉજવણી કરવામાં આવશે. ઈદ ઉલ ફીત્રની વિશેષ નમાઝનુ આયોજન મસ્જીદોમાં કરવામાં આવ્યુ છે.

મુસ્લિમોના પવિત્ર રમઝાન માસ હાલમાં ચાલી રહ્યો છે. રમઝાન માસના રોઝા હવે પૂર્ણતાના આરે છે. મુસ્લિમ બિરાદરો ઈબાદતમાં મશગુલ બન્યા છે. ઉનાળાના દિવસો દરમ્યાન રોઝા આકરા બની રહ્યા છે. રોઝા પૂર્ણ થતાં શનિવારે ઈદ ઉલ ફીત્ર (ઈદ)ની ઉજવણી કરવામાં આવશે. ઈદની ઉજવણી નિમિત્તે બજારોમાં ખરીદી થઈ રહી છે. નવા વસ્ત્રો અને ઘરવખરીની ચીજવસ્તુઓની ખરીદી તેજ બની છે. ઈદનો તહેવાર હર્ષોલ્લાસનો તહેવાર હોઈ ખાણીપીણીની ચીજવસ્તુઓ બનાવવાની તૈયારીઓ થઈ રહી છે. ખાસ કરીને ઈદના દિવસે સવારે બનતી શીરખુરમાની તૈયારીઓ ગૃહિણીઓએ કરી દીધી છે.

આ ઉપરાંત અન્ય ફરસાણ પણ બનાવવામાં આવી રહ્યા છે. ઈદની ઉજવણી નિમિત્તે શહેરની મસ્જીદોને રોશનીથી શણગારવામાં આવી છે. મસ્જીદો રોશનીથી ઝળહળી રહી છે. મસ્જીદોની અંદર કુરઆનની તિલાવતોનુ આયોજન થયુ છે. ઈદની વિશેષ નમાઝની તૈયારીઓ ઈદગાહ અને શહેરની મસ્જીદોમાં થઈ રહી છે.

# નિસર્ગ કૉમ્યુનિટી સાયન્સ સેન્ટર ધ્વારા "વેકેશન વિજ્ઞાન સંગ વર્કશોપ" નું આયોજન

ગાંધીનગર, તા.૨૦

ગુજરાત કાઉન્સીલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલૉજી વિભાગ,ગુજરાત સરકાર પ્રેરિત નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા દર વર્ષે ઉનાળા વેકેશનમાં વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક સમજ વિકસે તથા તેમનું કૌશલ્ય ખીલે તે હેતુથી સાયન્સ ના જુદા-જુદા વર્કશોપ યોજવામાં આવે છે. વિદ્યાર્થીઓ વેકેશન દરમિયાન પોતાની રજાઓ ટીવી. મોબાઈલ, ફિલ્મો વગેરે જેવી ઈત્તર પ્રવુતિમાં વેડફી ન દે તે હેતુથી આ વર્કશોપનું આયોજન મે મહિનામાં બીજા વીકમાં નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર ખાતે વેકેશન વિજ્ઞાન સંગ કાર્યક્રમ નું આયોજન કરવામાં આવેલ છે.

વિદ્યાર્થીઓની રસ અને રુચીને ધ્યાનમાં લઈને વિવિધ વર્કશોપ જેવા કે મોડેલ રોકેટરી, એરોમોડેલિંગ-એરોપ્લેન મોડેલ મેકિંગ, સાયન્ટીફીક રમકડા-ટોય મેકિંગ, સાયન્સ મેજીક, ફન વિથ ફીઝીક્સ, મેથેમેટિક્સ એન્ડ પઝલ, બેઝીક ઈલેક્ટ્રોનીક્સ, હાઈડ્રોપોનિક્સ, મોડેલ મેકિંગ, હોલોગ્રામ વર્કશોપ, સાયબર સિક્યોરીટી, વી.આર. મોડેલ, ૩-D પ્રિન્ટર, બળ ફલાઈંગ મોડેલ મેકિંગ જેવા જુદા જુદા વિષય પર તજજ્ઞો ધ્વારા વિદ્યાર્થીઓને પ્રેક્ટીકલ નિદર્શન ધ્વારા રચના, કાર્ય પદ્ધતિ અને સિદ્ધાંતો વિષે સમજ આપવામાં આવશે.

આ વર્કશોપની પ્રથમ બેચમાં સાયન્સ કલબમાં નોધાયેલા વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે. તેમજ બીજી બેચમાં અન્ય વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે. વર્કશોપમાં માર્યાદિત સંખ્યા લેવાની હોવાથી વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ આપવામાં આવશે. ધોરણ ૫ થી ૧૦ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે. વર્કશોપમાં જોડાવવા માટે નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર, સેક્ટર-૨૩,ગાંધીનગરનો રૂબરૂ મુલાકાત અથવા ૯૪૨૬૬૩૫૨૧૫, પર સંપર્ક કરી શકે છે.

# મહાત્મા મંદિર પાસેના ખાડામાં ફસાઈ જતાં કારને નુકશાન





ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગરમાં જ્યાં વિશ્વભરના અગ્રણીઓ વારંવાર આવે છે તે મહાત્મા મંદિરની દિવાલની સામે જ છેલ્લાં એક વર્ષ થી મોતના કુવા સમાન ખાડો ખોદીને તેને કોન્ટ્રાક્ટર દ્વારા પુરાણ કર્યા વગર અધુરો છોડી દેવાયો છે. અસંખ્ય નાગરિકો આ ખાડાનો ભોગ બને છે. ખાડામાં યોગ્ય પુરાણ ન કરાતાં આજે એક ગાડી ખાડામાં ફસાઈ જતાં તેને મોટી નુકસાની થવા પામી છે. આ ખાડો મહાત્મા મંદિરની સામે મુખ્ય રોડ વળાંક પર સેક્ટર ૧૩/સીના પ્લોટ નંબર-૧૦૭૦/૧ની બાજુમાં જ છે જેને જેમાં સત્વરે યોગ્ય પુરાણ કરીને અધુરું કાર્ય રાખનાર કોન્ટ્રાક્ટર સામે શિક્ષાત્મક પગલાં ભરવા જોઈએ તેની સ્થાનિકોમાં માંગ પ્રવર્તતી જોવા મળી રહી છે.

# જિલ્લા રજીસ્ટ્રારે ચિલોડા પંચાયત અને દહેગામની સૌજન્ય મુલાકાત લીધી



ગાંધીનગર, તા.૨૦

જિલ્લા રજીસ્ટાર શ્રી દ્રષ્ટિબેન સોરી એ આજે ચિલોડા સેવા સહકારી મંડળી સાથે ગાંધીનગર અને દહેગામ તાલુકાના સહકારી મંડળીઓના સેક્રેટરીઓ નો શૈક્ષણિક સેમિનાર પ્રસંગે અતિથિ પદે ઉપસ્થિત રહ્યા હતા મહેમાનપદે થી તેમને મંત્રીઓ ને સરસ માર્ગદર્શન આપ્યું હતું ત્યારબાદ ચિલોડા ગ્રામ પંચાયત કચેરી ની સૌજન્ય મુલાકાત લીધી જેમાં સરપંચ જયમિનપટેલે તેમને સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાનો કોમેન્ટો આપી સન્માન કર્યું

## ગાંધીનગર જીલ્લા રોજગાર કચેરી દ્વારા જોબફેર

ગાંધીનગર,તા.૨૦

જીલ્લા રોજગાર વિનિમય કચેરી/મોડલ કેરિયર સેન્ટર ગાંધીનગર દ્વારા તા.૨૬ એપ્રિલના રોજ તખતપુરાકોમ્યુનિટી હોલ, તખતપુરા રોડ, તિજોરી કચેરીની બાજુમાં, તા.માણસા,જિ.ગાંધીનગર ખાતે સવારે ૧૦:૩૦ કલાકે તથા ૨૮ એપ્રિલના રોજ મહાસુખલાલની વાડી, બરફની ફેક્ટરી પાસે, ભારત પેટ્રોલપંપ સામે, તા.દહેગામ ખાતે સવારે ૧૦:૩૦ કલાકે ઔદ્યોગિક રોજગાર ભરતી મેળાનું આયોજન કરવામાં આવેલ છે. જ્યાં સ્વરોજગારલક્ષી યોજનાઓની માહિતીનો લાભ લઈ શકાશે. જેમાં ધોરણ-૧૦ અને ૧૨ પાસ, ગ્રેજ્યુએટ, પોસ્ટ ગ્રેજ્યુએશન, આઈટીઆઈ તમામ ટ્રેડ અને ડીપ્લોમાં કરેલ ઉમેદવારો ભાગ લઈ શકશે. રોજગાર વાન્છું યુવાનો વિવિધ રોજગારીની તકોથી વંચિત ન રહે તથા નોકરી દાતાઓને રોજગાર કચેરી દ્વારા સતત કુશળ માનવબળ પ્રાપ્ત થઇ શકે તે હેતુસર રોજગાર ભરતીમેળાનું આયોજન થનાર છે. ઉપરોક્ત યોજાનાર રોજગાર ભરતીમેળામાં જીલ્લાના તમામ રોજગારવાન્છું ઉમેદવારોને મોટી સંખ્યામાં ભાગ લેવા જિલ્લા રોજગાર વિનિમય કચેરી ગાંધીનગર દ્વારા જણાવવામાં આવે છે.

## ગુજરાત શૈક્ષણિક સાંસ્કૃતિક મંચ દ્વારા ડૉ ગુલાબચંદ પટેલનું સન્માન થશે

ગાંધીનગર, તા.૨૦

ગુજરાત ની રાજધાની ગાંધીનગર ના સામાજિક કાર્યકર પ્રમુખ ગાંધીનગર સાહિત્ય સેવા સંસ્થાન ચેરિટેબલ ટ્રસ્ટ ગુજરાત અને ગુજરાત સરકાર ના સામાજિક ન્યાય અધિકારિતા વિભાગના કેબિનેટ મંત્રી પ્રદીપ પરમાર દ્વારા રૂપિયા એક લાખની ધન રાશિ સન્માન પત્ર, પુષ્પ ગુચ્છ અર્પિત કરી સાહિત્યકાર પત્રકાર અને સામાજિક કાર્યકર ડૉ ગુલાબ ચંદ પટેલનું વિશિષ્ટ સન્માન તારીખ ૨૨ એપ્રિલ ના રોજ કરવામાં આવશે.



ગાંધીનગર મહાનગરમાં સ્ટ્રોમ વોટર લાઈનની કામગીરી પુર ઝડપે ચાલી રહી છે. જે અંતર્ગત સેકટર-૮ ખાતે સ્થાનિક કાઉન્સિલર તેમજ વસાહતીઓ દ્વારા ફરિયાદ મળતા ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર હિતેશભાઈ મકવાણા એ સિટી એન્જીનીયર અને અધિકારીઓ સાથે તાત્કાલિક સ્થળ પર જઈને નિરીક્ષણ કર્યું હતું. આ દરમ્યાન મેયર એ આગામી સમયમાં નગરજનોને કોઈપણ પ્રકારની તકલીફ ના પડે તે અંગે એજન્સીને કડક શબ્દોમાં સૂચના આપી હતી. નગરજનોની ફરિયાદનું તાત્કાલિક નિવારણ આવતા સૌએ મેયરનો આભાર વ્યક્ત કર્યો હતો.



રમજાન ઈદ અને પરશુરામ જયંતીના આગામી તહેવારો ને ધ્યાને લઈ સેકટર ૬ પોલીસ સ્ટેશન ખાતે શહેરના તમામ ધર્મ ના નાગરિકોની શાંતિ સમિતિની બેઠક સેકટર ૬ ના પી. આઈ ની અધ્યક્ષ સ્થાને યોજવામાં આવી હતી. બેઠકમાં આગામી તહેવારો પરસ્પર શાંતિથી ઉજવણી કરવા માટે અપીલ કરવામાં આવી હતી અને શહેરના નાગરિકોનો સહકાર માંગ્યો હતો. આ સાથે શહેરના પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં ગાધીનગર શહેર વસાહત મહાસંઘના હોદેદારો કેશરીસિહ બિહોલા પ્રમુખ, રાજેન્દ્રભાઈ પારેખ, સી કે સોની, પોપટલાલ પ્રજાપતિ, નિલેનદુભાઈ વૉરા, જગદીશભાઈ પટેલ, ડી એફ શાહ તથા શહેરના અગ્રણી નાગરિકો હાજર રહ્યા હતા.




માનવ સેવા મંડળ,ગાંધીનગર તરફથી અમાસ નિમિતે ઉવારસદ ગામે અંતરેશ્વર મહાદેવના મંદિરે નિરાધાર કુટુંબોને કરીયાણાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## યુનિવર્સલ એક્સપ્લોરર ગ્રુપ દ્વારા ટ્રેકિંગ કેમ્પનું આયોજન

ગાંધીનગર, તા.૨૦

યુનિવર્સલ એક્સપ્લોર ગ્રુપ દ્વારા ઉનાળુ વેકેશન દરમિયાન માઉન્ટ આબુ, મનાલી, ડેલહાઉસી, લેહ લદાખ ખાતે એડવેન્ચર ટ્રેકિંગ કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. વિવિધ કેમ્પ દરમ્યાન એડવેન્ચર ને લગતી પ્રવૃત્તિઓ જેવી કે ટ્રેકિંગ, ક્લાઈબિંગ, રેપ્લિન્ગ, માઉન્ટેન વોક, જંગલ ટ્રેક, કૅમ્પ ફાયર, જીપ લાઈન, ગન શુટિંગ, કેવિંગ, હોર્સ રાઈડિંગ, બર્મા બ્રિજ, રિવર રાફટિંગ- ક્રોસિગ, સાઈટ સીન જેવી વિવિધ અનેક પ્રવૃત્તિઓ કરાવવામાં આવશે. કૅમ્પ માં જોડાવવા ઈચ્છુક લોકોએ વહેલા તે પહેલાંના ધોરણે ૩૮૬/છ૧, સેક્ટર ૧૨/C, ગાંધીનગર તથા સંપર્ક નંબર ૭૪૦૫૨૬૭૭૨૭, ૮૦૦૦૯૫૮૩૨૩ પર નામ નોંધાવી દેવા અખબારી યાદી માં જણાવ્યું હતું.

**જન્મદિને વધામણી**



જપજ્ઞ વિશાલ પંડ્યા

# દિલ્હી ખાતે સંસદસભામાં સેન્ટ્રલ યુનિ.ની વિદ્યાર્થિનીએ વકતવ્ય આપ્યું



ગાંધીનગર, તા.૨૦

દિલ્લી ખાતે ડો.આંબેડકરના ૧૩૨માં જન્મદિવસ નિમિતે યોજાયેલા વકતવ્યમાં ગાંધીનગરની સેન્ટ્રલ યુનિવર્સિટીની વિદ્યાર્થિની મેરિયા અલ્પા અમરશીની પસંદગી થઈ હતી. તેમણે સંસદસભામાં વક્તવ્ય આપ્યું હતું. તારીખ ૧૪મી એપ્રિલે ડો. ભીમરાવ આંબેડકરના ૧૩૨માં જન્મદિવસને યાદગાર બનાવવા આખાય ભારતમાંથી માત્ર આઠ વિદ્યાર્થીઓની વકતવ્ય માટે પસંદગી થઈ હતી. જેમા ગુજરાત રાજ્યમાંથી ઉચ્ચ શિક્ષણમાંથી કેન્દ્રિય વિશ્વવિદ્યાલયની પીએચ.ડી.ની શોધછાત્રા કુમારી અલ્પા મેરિયાની પસંદગી ડો. આંબેડકરના જીવનઅને કાર્ય વિશે બોલવા માટે થઈ હતી.તેમણે પોતાના વકતવ્યમાં ડો. આંબેડકરનાં જીવન વિશેની મહત્વની વાતો કહીને બધાના દિલ જીતી લીધા હતા. કુમારી અલ્પા મેરિયા ગુજરાત કેંદ્રિય વિશ્વવિદ્યાલયમાં ગુજરાતી વિષયમાં ડો. રાજેશ મકવાણાના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી. કરી રહ્યા છે. તેમની આ સિધ્ધી માટે ગુજરાત કેન્દ્રિય વિશ્વવિદ્યાલયના કુલપતિ ડો. રમાશંકર દૂબેએ અલ્પાને ખાસ અભિનંદન આપ્યાં હતા. ગુજરાત કેન્દ્રીય વિશ્વવિદ્યાલયમાં ડો.બાબાસાહેબ આંબેડકરની સામાજિક ન્યાય અધિકારિતા અને બાલ વિકાસ મંત્રાલયના કેબીનેટ મંત્રી ભાનુબેન બાબરિયા દ્વારા કુ.અલ્પા મેરિયાનું સન્માન કરવામાં આવ્યું હતું.

આ પરિસંવાદ કુલપતિ રમાશંકર દૂબેના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. જેમાં ગુજરાત નેશનલ લો યુનિવર્સિટીના કુલપતિ પ્રો. એસ. શાંતાકુમાર અને સરદાર પટેલ યુનિવર્સિટીના પ્રો.રમેશ મકવાણા વક્તા તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

## ચિરવિદાય

**● મુક્તિધામ ●**

- **સ્વ.ચાવડા અંદેરબા નાથુસિંહ** ઉ.વ.૯૦, માણેકપુર, માણસા
- **સ્વ.રાઠોડ બાબુજી જીવાજી** ઉ.વ.૬૭, દોલારાણા વાસણા
- **સ્વ.જાની જગદીશભાઈ ચીમનલાલ** ઉ.વ.૭૬, ગાંધીનગર
- **સ્વ.ઝવેરી ભરતકુમાર બાબુભાઈ** ઉ.વ.૭૮, ગાંધીનગર
- **સ્વ.દરબાર સમુબેન ચંદુજી** ઉ.વ.૭૦, વલાદ
- **સ્વ.ડુમસીયા ધનસુખલાલ અર્જુનભાઈ** ઉ.વ.ગાંધીનગર
- **સ્વ.શેખાવત અનુરાધા સુરજભાનસિંગ** ઉ.વ.૭૩, ગાંધીનગર